ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૧૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૩૬ ટકા

# આ વર્ષે દિવાળીની ગીફટસમાં વૈવિધ્યતા

## રંગબેરંગી છાબડીઓમાં અવનવી મીઠાઈઓ અને ડ્રાયફ્રુટની સુંદર સજાવટ : ૨૦૦ રૂપિયાથી ૧૨૦૦ રૂપિયા સુધી ગીફટ હેમ્પર્સનો ભાવ

ગાંધીનગર, તા.૩૦

દિવાળી પર્વ નિમિત્તે બજારમાં અવનવી વેરાયટીઝ જોવા મળી રહી છે ત્યારે મીઠાઈની દુકાનોમાં આ વર્ષે ખૂબ જ સુંદર ગીફટ હેમ્પર્સ ડેકોરેટ કરવામાં આવ્યા છે. આ ગીફટ હેમ્પર્સમાં ડ્રાયફ્રુટ, ચોકલેટ, મીઠાઈ, કૂકીઝ બિસ્કીટ વિગેરે મુકીને સુંદર રીતે તૈયાર કરાયા છે જેનો ભાવ ૨૦૦ રૂપિયાથી લઈ૧૨૦૦ રૂપિયા આસપાસ ચાલી રહ્યો છે.

દિવાળી પર્વમાં શુભેચ્છાઓ પાઠવવા માટે એકબીજાને મીઠાઈઓના બોકસ આપવામાં આવે છે. જેમાં આ વર્ષે કંઈક નવી વેરાયટીઓ આ ગીફટ બોકસમાં જોવા મળી રહી છે. રંગબેરંગી છાબડીઓમાં જુદા જુદા ડ્રાયફ્રુટ મુકવામાં આવી રહ્યા છે. જે અલગ અલગ નાની નાની બરણીઓમાં સુંદર રીતે ગોઠવીને સુશોભન કરીને આ છાબડીમાં ગોઠવવામાં આવી છે તથા સૂકામેવા ઉપરાંત નાસ્તાના પેકેટસ, ચોકલેટસ, બિસ્કીટ, સૂકો નાસ્તો, વિગેરે મુકીને હેમ્પર્સ બનાવવામાં આવ્યા છે. આ ગીફટ હેમ્પર્સને રંગબેરગી નેટથી પેક કરી સજાવવામાં આવી છે. સૂકામેવા ઉપરાંત મોંઘી મોંઘી ચીજવસ્તુઓના પણ આજ પ્રકારે હેમ્પર્સ તૈયાર કરાયા છે. જે એક નવીનતા આ વર્ષે જોવા મળી રહી છે.

અત્યાર સુધી દિવાળી પર્વમાં ગીફટ તરીકે ચોરસ કે ગોળાકાર બોકસમાં સૂકામેવા, મીઠાઈઓ, ચોકલેટ વિગેરે મૂકીને બનાવેલા બોકસ જ આપવામાં આવતા હતા. જેનો ઉપયોગ દિવાળી બાદ ગૃહિણીઓ જુદા જુદા મુખવાસ ભરવા માટે પણ કરે છે. ઘણા વર્ષો સુધી આજ ટ્રેન્ડ જોવા મળ્યો હતો ત્યારે આ દિવાળી પર્વમાં ગીફટ બોકસમાં નવીનતા જોવા મળી રહી છે. ગ્રાહકોને પોસાય તેવા જ ભાવમાં અનેક નાના મોટા ગીફટ હેમ્પર્સ તૈયાર કરવામાં આવ્યા છે. દિવાળી અગાઉ શહેરની મીઠાઈઓની દુકાનોમાં પ્રિ બુકીંગ








પણ થઈ ગયું હતું. આ ગીફટ હેમ્પર્સ દેખાવમાં પણ આકર્ષક લાગી રહ્યા છે જેથી ગ્રાહકો દ્વારા સૌથી વધારે આ ગીફટ હેમ્પર્સની ખરીદી કરવામાં આવી રહી છે. રાધે સ્વીટસ એન્ડ નમકીન, વૃંદાવન, ગ્વાલિયા ઉપરાંત શહેરની તમામ મીઠાઈની દુકાનોમાં આ નવો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે.

દિવાળી પર્વમાં ઓફિસર્સ ચોઈસમાં ડ્રાયફ્રુટ ગીફટ હેમ્પર્સ રહ્યા છે જયારે શહેરીજનો દ્વારા મીઠાઈના હેમ્પર્સ જેમાં દેવડા, કાજુ કતરીની વધારે ડિમાન્ડ ચાલી રહી છે. દેવડા એ પાટણના પ્રખ્યાત માનવામાં આવે છે. પાટણવાસીઓ પોતાના સ્નેહીજનોને મીઠાઈ દેવડા જ મોકલે છે. ગુજરાત તેમજ દેશ વિદેશમાં રહેતા પાટણવાસીઓ આજે પણ પોતાના વતનમાંથી દેવડા મંગાવવાનું ભૂલતા નથી. કહેવાય છે કે જયાં સુધી દિવાળીના તહેવારમાં ઘરમાં દેવડા લાવવામાં ન આવે ત્યાં સુધી દિવાળી આવી જ નથી તેવું પાટણવાસીઓ માને છે. ૧૬૦ વર્ષ પહેલા આ મીઠાઈ બનાવવાની શરૂઆત થઈ હતી. અને આજે પણ દેવડાનું આગવું સ્થાન છે.

દેવડામાં પણ વિવિધ ફલેવર તેમજ વિવિધ બ્રાન્ડ જોવા મળી રહી છે. જેમાં શુધ્ધ ઘીના દેવડા, સ્પેશિયલ બટર સ્કોચ દેવડા જેવી અવનવી વેરાયટી જોવા મળી રહી છે. આમ, આ વર્ષે દિવાળી પર્વ નિમિત્તે મીઠાઈ બજારમાં પણ તેજીની મીઠાશ પ્રસરી છે. છેલ્લા દોઢ વર્ષમાં કોરોનાને કારણે મીઠાઈના વેપારીઓને ઘણું નુકસાન પહોંચ્યું હતું પરંતુ આ વર્ષે દિવાળી આવતા જ શહેરીજનો ફરી પોતાની મનપસંદ મીઠાઈ તરફ પાછા ફર્યા હોય તેવી ઝલક જોવા મળી રહી છે. રો મટીરીયલ અને ઈંધણ મોંઘું થતાં મીઠાઈના ભાવમાં પણ વધારો થયો છે.

દિવાળી પર્વ નજીક છે ત્યારે મીઠાઈનો વેપાર ડબલ થતો જોવા મળી રહ્યો છે. પરંપરાગત મીઠાઈ જેવી કે મોહનથાળ, ઘૂઘરા, મગજની લાડુડી સાથે પેંડા અને કાજુકતરી ઉપરાંત લાઈવ સ્વીટના ઓડર્સ પણ વધારે આવ્યા છે. જેમાં ગરમાગરમ અલગ અલગ હલવાની ડિમાન્ડ વધુ છે.

## જન્મદિને વધામણી



**નેન્વી ગૌતમકુમાર અમીન**
મો. ૯૭૨૩૨ ૭૫૧૫૧



**દિશા મુકેશકુમાર કોઠારી**

## ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. ઠાકોર જોઈતાજી સોમાજી**, ઉ.વ. ૭૨, પીપળજ
- **સ્વ. ઠાકર કોકીલાબેન રવિન્દ્રકુમાર**, ઉ.વ. ૮૦, પેથાપુર
- **સ્વ. યાદવ રામબલી મંગળ**, ઉ.વ. ૮૬, સે-૧૩
- **સ્વ. સોની ઉત્કર્ષ શૈલેન્દ્રકુમાર**, ઉ.વ. ૨૧, ચિલોડા, સીઆરપીએફ
- **સ્વ. મકવાણા બેનાબેન પધાજી**, ઉ.વ. ૫૪, કોલવડા




એસ.વી. ઈંગ્લિશ મિડિયમ પ્રિ.સ્કૂલમાં ઓનલાઈન 'મી એન્ડ મોમ્સ' રંગોળી પ્રવૃત્તિ યોજાઈ હતી. જેમાં નર્સરી, જુનિયર કે.જી. અને સિનિયર કે.જી.ના બાળકોએ પોતાની મમ્મી સાથે મળીને ચિરોડીના કલર, ફૂલો, દીવા, આભલાં વગેરે વસ્તુઓનો ઉપયોગ કરીને વિવિધ રંગોળીઓ બનાવી હતી.

## આજે સરદારની પ્રતિમાએ પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

આજે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૬મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવશે. જે સવારે ૮.૪૫ કલાકે વિધાનસભા પટાંગણ સેકટર-૧૦ ખાતે અખંડ ભારતના શિલ્પી અને ગુજરાતના પનોતા પુત્ર સરદાર પટેલની ૧૪૬મી જન્મ જયંતિની ઉજવણી પ્રસંગે હાજર રહી સરદાર સાહેબના બાવળાને પુષ્પાંજલિ અર્પી શ્રદ્ધાંજલિ નિમિત્તે યોજાનાર પ્રસંગમાં સમિતિના કન્વીનર વિક્રમ કે. પટેલે સહભાગી થવા જણાવ્યું હતું.



વરદાયિની હાઈસ્કૂલ રૂપાલ ખાતે વયનિવૃત્તિ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. વરદાયિની હાઈસ્કૂલના ગ્રંથપાલ સૂર્યાબેન દેવચંદભાઈ પટેલ વયનિવૃત્ત થતા વિદ્યાર્થી પરિવાર, સહકર્મી મિત્રો તથા સંચાલક મંડળ અને ગ્રામજનો દ્વારા ભાવભીની વિદાય આપવામાં આવી હતી.

## એસ.કે. પટેલ સ્કુલમાં તોરણ બનાવવાની પ્રવૃત્તિ યોજાઈ



એસ. કે. પટેલ ઈંગ્લીશ મિડીયમ સ્કુલમાં તોરણ મેકિંગ પ્રવૃત્તિ કરવામાં આવી હતી. આ પ્રવૃત્તિ પાછળનો મુખ્ય ઉદ્દેશ લક્ષ્મી માતા અને સરસ્વતી દેવીને પ્રસન્ન કરવાનો છે. માતા લક્ષ્મી અને સરસ્વતીની કૃપા ભૂલકાઓ પર અને શાળાના પરિવાર પર બની રહે તેવી પ્રાર્થના આચાર્ય દિપાલી જોશીએ કરી હતી.

## વી.એમ. પટેલ અને એચ.વી. પટેલ બાલમંદિરમાં દિવાળી નિમિત્તે પ્રવૃત્તિઓ યોજાઈ



ગાંધીનગર, તા. ૩૦

વી.એમ. પટેલ કુમાર અને એચ.વી. પટેલ કન્યા બાલમંદિરમાં દિવાળી નિમિત્તે ઓનલાઈન રંગોળી તેમજ તોરણો બનાવવાની પ્રવૃત્તિ યોજાઈ હતી. જેમાં બાળકોએ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ ઓનલાઈન જુદી જુદી રંગોળી તેમજ તોરણો બનાવવાની એકટીવિટી કરી હતી. જેમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો તે બદલ ડાયરેકટર કિરણબેન તેમજ પ્રિન્સિપાલ મીનાક્ષીબેને બાળકોને નવા વર્ષના અભિનંદન પાઠવ્યા હતા.

## ઓનલાઈન દિવાળીનું આયોજન



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ રાંધેજા દ્વારા ઓનલાઈન દિવાળીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રિ-પ્રાઈમરીના વિદ્યાર્થીઓએ રંગોલી, દિવાળી કાર્ડ અને આરતી કરીને ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સેવાકાર્ય



ગાંધીનગર, તા. ૩૦

દિવાળી પર્વ નિમિત્તે શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા વિવિધ વસ્તુનું વિતરણ કરવામાં આવ્યું હતું. શોભાયડા, સુનોક, ગડાદર તથા ખારી મુકામે કુલ ૧૦૭ લાભાર્થીને ૩ કિ.ગ્રા. ચોખા, ખાખરાના પેકેટ, નાસ્તો, બિસ્કીટ, ક્રીમરોલ વિગેરે આપવામાં આવ્યા હતા. રાધે અને લક્ષ્મી બેકરી તરફથી ખાખરા, ક્રીમરોલ મળ્યા હતા. આ સેવાકાર્યમાં અમૃતભાઈ, મહર્ષિ, મિલિન્દભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# 'બાળવિકાસમાં માતા-પિતાની ભૂમિકા' અંગેના લાઈવ પરિસંવાદમાં હજ્જારો વાલી જોડાયા

## શિક્ષણશાસ્ત્ર, વિદ્યાનિકેતન વિભાગ અને વિદ્યાભારતીના સંયુક્ત ઉપક્રમે યોજાયો પરિસંવાદ

ગાંધીનગર, તા. ૩૦

શિક્ષણશાસ્ત્ર વિભાગ, વિદ્યાનિકેતન અને વિદ્યાભારતીના સંયુક્ત ઉપક્રમે સમગ્ર ગુજરાતના વાલીઓ માટે રાજ્યકક્ષાનો લાઈવ પરિસંવાદ ૨૮મી ઑક્ટોબરે સાંજે ૪ થી ૫.૩૦ દરમિયાન યોજાઈ ગયો. જેમાં ''બાળકના સર્વાંગી વિકાસમાં માતા-પિતાની ભૂમિકા'' અંગે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના ખાસ ફરજ પરના અધિકારી ડૉ. કનુભાઈ કરકર વ્યાખ્યાન રસપ્રદ અને ચોટદાર વ્યાખ્યાન આપ્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે બાળકને ઉગવા દો. ખેડૂત કટેલી માવજત સાથે જમીનમાં બીજ ઉગાડે છે. તે જ રીતે બાળકની માવજત કરવી એ માતા-પિતાની ફરજ બની રહે છે. પોતાના અધૂરાં સપનાંનો ભાર



બાળકો પર ના નાખતા તેમને સ્વતંત્રતાથી અને આપગતિથી પ્રગતિના પથ પર ચાલવા દેવા જોઈએ. વંદે ગુજરાત ચેનલ તેમજ ચિલ્ડ્રન્સ યુનિ.ની યુ-ટ્યૂબ ચેનલ પર આ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ થયું હતું. જેમાં હજ્જારો વાલીઓ ઓનલાઈન જોડાયા હતા. અનેક વાલીઓએ પોતાના બાળક વિશે મુંઝવતા પ્રશ્નો પણ પૂછ્યા હતા જેના નિષ્ણાતોએ જવાબ આપ્યા હતા. આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ પોતાના ઉદ્બોધનમાં બાળકને આનંદ, પ્રેમ અને સમય આપી ઉછેરની પ્રક્રિયામાં સ્પર્ધાને સ્થાન ન આપવા જણાવ્યું હતું. જ્યારે અતિથિ વિશેષ તરીકે વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષણ સંસ્થાન-ગુજરાતના પ્રાંત સંયોજક ડૉ. રાજેશ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનોનો પરિચય પ્રો. રણજિતસિંહ પવારે આપ્યો હતો. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. કુણાલ પંચાલે કર્યું હતું.

# જાદુગર અને વિજ્ઞાન સાથે મળીને ચમત્કારોના રહસ્ય ખોલશે

## જાદુઈ ખેલને બતાવીને વૈજ્ઞાનિક રીતે સમજાવવા 'વિજ્ઞાન નગરી' સાયન્સ સિટીનું વિશેષ આયોજન

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર નજીકના સરદાર પટેલ રીંગ રોડ સ્થિત ગુજરાત સાયન્સ સિટી ખાતે તા.૩૦ અને ૩૧ ઓકટોબર અને તા.૨ અને ૩ નવેમ્બરે એમ્ફિથિયેટર ખાતે 'સાયન્સ મેજિક શો' યોજાશે. બાળકોમાં જિજ્ઞાસા વિકસાવવા તથા કોઈ પણ ઘટના પાછળ રહેલ વિજ્ઞાનને જાણવા માટે પ્રેરિત કરવા મેજિક શોનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેજિક શોમાં જાદુને વિજ્ઞાનની ભાષામાં રૂપાંતરિત કરતાં અનોખા કાર્યક્રમો, ગુજરાત સાયન્સ સિટી દ્વારા જાદુઈ કરામતોને વૈજ્ઞાનિક ઢબે સમજવા માટે અને સાથે સાથે સમાજમાં રહેલી અંધશ્રદ્ધાને દુર કરવા એક અનોખા પ્રયાસનું આયોજન કરવામાં આવ્યું છે. જાદુઈ કસબ પાછળ રહેલા વિજ્ઞાનના મૂળભૂત સિદ્ધાંતો અને ગૂઢ રહસ્યો લાગુ પડતા હોય છે. વિજ્ઞાનના પાયાના સિદ્ધાંતો સરળતાની તેમજ મનોરંજન સાથે શીખી શકાય તે માટે ગુજરાત સાયન્સ સિટી દ્વારા વૈજ્ઞાનિક જાદુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં વિશ્વ વિખ્યાત જાદુગર પ્રતિક પટેલ દ્વારા જાદુના ખેલ પ્રસ્તુત કરવામાં આવશે અને વૈજ્ઞાનિક જાદુગર ડૉ રમેશ પંડ્યા દ્વારા વૈજ્ઞાનિક સમજુતી આપવામાં આવશે.

જાદુના શો હંમેશા રસપ્રદ હોય છે આગળ દેખાતા જાદુમાં પાછળ વિજ્ઞાન હોય છે. રસપ્રદ લગતી જાદુઈ યુક્તિ અનેક પ્રશ્નો સર્જે છે અને આ પ્રશ્નોના સમાધાન મળશે ગુજરાત સાયન્સ સિટીના સાયન્સ મેજિક શોમાં વિવિધ વૈજ્ઞાનિક જાદુગરો વિજ્ઞાનના વિવિધ ખયાલો જાદુઈ અને રસ પડે તેવી રીતે રજૂ કરશે. તેઓ ઓડિઓ-વિઝ્યુયલ સ્લાઈડ સાથે પ્રયોગો રજૂ કરશે. મેજિક શો માં ઘણું બધુ છે. વિજ્ઞાનના મૂળભૂત વિચારો હોય તેવી વિવિધ હેંડ્સ ઓન એક્ટિવિટીઝ અને પ્રદર્શન સાથેની જાદુઈ યુક્તિઓ, અંધશ્રદ્ધાઓ દૂર કરવી, મેથ મેજીક, મેંટલીઝમ ટૅક્નિક, વસ્તુને ગાયબ કરવી, રૂપાંતર કરવી, પુનઃ સ્થાપિત કરવી, દૂર કરવી, દાખલ કરવી, અંદાજ લગાવવો વગેરે બાબતો તથા બેન્ડ પરફોર્મન્સને ઘણું બધુ છે જે દરેક ઉમરના મુલાકાતીઓને સાંકળી રસ જગાવશે. સાયન્સ મેજિક શોને નિહાળવાનો સમય સાંજે ૬:૩૦ થી ૮:૩૦નો રાખવામાં આવ્યો છે જેમાં પ્રવેશ માત્ર પ્રવેશ-ટીકીટથી કરી શકાશે. વિદ્યાર્થીઓના ૧૦થી વધુ ગ્રુપ માટે ખાસ ડિસ્કાઉન્ટ દર ઉપલબ્ધ છે. ગુજરાત સાયન્સ સિટી સાયન્સ મેજિક શોના ખાસ કાર્યક્રમમાં ભાગ લેવા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

## વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા દિપાવલી પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી



ગાંધીનગર, તા.૩૦

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા દિવાળી પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોએ લાઈવ કલાત્મક વિવિધ પ્રકારના ફૂલોની રંગોળી બનાવી અને ત્યારબાદ શાસ્ત્રોક્ત વિધિથી ભગવાનની પૂજા અર્ચના કરી હતી. દીવડાઓથી તથા સુશોભનથી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ઝળહળી ઊઠી હતી. ત્યારબાદ દિવાળીનું મહત્વ દર્શાવતી સ્પીચ બાળકો દ્વારા રજૂ કરવામાં આવી હતી. સેશનમાં નોન ફાયર કુકિંગ નો વર્કશોપ રાખવામાં આવ્યો હતો. જેમાં સ્વાદિષ્ટ કેક તથા કોકોનટ લાડુ બનાવવામાં આવ્યા હતા. બાળકોએ અદ્ભુત શૈલીમાં દિવાળી નું મહત્વ સમજાવી અને વાતાવરણને પ્રકાશમય બનાવી દીધું હતું.

## કલોલ કોલેજમાં આઝાદી કાઅમૃત મહોત્સવની ઉજવણી




ગાંધીનગર, તા.૩૦

પી.એચ.જી.મ્યુનિ.આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ કલોલના રાષ્ટ્રીય સેવા યોજના NSS દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીનો ખાસ ત્રી દિવસીય કેમ્પ મોટી ભોંયણ ખાતે યોજાયો. જેના ઉદ્ઘાટન પ્રસંગે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ગાંધીનગરથી ભરતભાઈ પ્રજાપતિ અને પ્રિયંકાબેન હાજર પર્યાવરણની સમજ આપી હતી. જે.કે.લક્ષ્મી સિમેન્ટ લિમિટેડ કલોલ યુનિટના હેડ સંજીવ શ્રોફ અને નારણ બારડે યુવાનોને સમાજ સેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. કલોલ કોલેજ NSS ના પ્રોગ્રામ ઓફિસર ડો એચ.કે.સોલંકીએ ત્રી દિવસીય કેમ્પના પાંચ પ્રકલ્પો જેવા કે કોરોના વેક્સિન, જલ સંચય, પ્લાસ્ટિક મુક્ત ભારત, કલીન ઈન્ડિયા અને ફીટ ઈન્ડિયા તથા ગૌ સંવર્ધન અને મતદાર સુધારણા વગેરે કાર્યક્રમો ઉપર ભાર મૂક્યો હતો. સ્વયં સેવકોએ મોટી ભોંયણ અને હાજીપુરમાંથી વેસ્ટ પ્લાસ્ટિકની ૪૫ બેગો ભરીને જે.કે. લક્ષ્મીમાં જમાં કરાવી હતી. સ્વયં સેવકોએ ગામમાં કોરોના સર્વે, મતદાર નોંધણી , વ્યસન મુક્તિ અને સ્વચ્છ ભારત અભિયાનની સમજ આપી હતી. કોલેજના ૪૦ સ્વયં સેવક ભાઈબહેનો એ ભાગ લઈ જે.કે.લક્ષ્મી અને હાજીપુર મંથન સંકુલમાં ઘરડા દાદી તથા દિવ્યાંગ બહેનોની મુલાકાત લીધી હતી. આયોજનમાં પરેશ ભાઈ પટેલે ટીમ વિભાજન કરીને કામની વહેચણી કરી હતી.